# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

સોમવાર ૨૩ જૂન, ૨૦૨૫




### 144 ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીના મતદાન માટે લોકોમાં ભારે ઉત્સાહ; ક્યાંક વરસાદ વિઘ્નરૂપ બનતાં મતદાન પર અસર

# આણંદ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન



**જિલ્લામાં સરપંચ પદના કુલ 427 ઉમેદવારો અને સભ્યપદના 1249 ઉમેદવારો માટે 539 મતદાન મથકો પરથી મતદાન પ્રક્રિયા**

(પ્રતિનિધિ) આણંદ તા 22

આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણી માટે સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થઈ ગયું હતું. મતદાન પ્રક્રિયા નિયત સમય સાંજે છ કલાક સુધી યથાવત રહ્યું હતું.. સમગ્ર જિલ્લામાં કુલ 144 ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી અને 15 ગામમાં પેટા ચૂંટણીના ઉમેદવારો માટે મતદારોએ ઉત્સાહ પુર્વક મતદાન કર્યું હતું.

આણંદ જિલ્લામાં ચુંટણી જાહેરનામું પ્રસિદ્ધ થયા મુજબ 159 જેટલી ગ્રામ પંચાયત માટે સામાન્ય ચૂંટણી અને 15 ગામમાં સરપંચ અને સભ્ય માટે 99 જેટલી બેઠકો માટે પેટા ચૂંટણી યોજાઈ છે. જોકે સમગ્ર જીલ્લામાં 7 ગામ સમરસ બનતાં 144 ગામમાં ચુંટણી પ્રક્રિયા હેઠળ મતદાન યોજાયું હતું.

આણદ જીલ્લામાં આઠેય તાલુકાઓમાં ચુંટણી પ્રક્રિયા દરમિયાન સંબંધિત પોલિસ સ્ટેશન અને વહીવટી તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા જાળવવામાં આવી હતી. એકંદરે સવારથી માંડી સાંજે 6 સુધી પરિસ્થિતિ શાંતિપૂર્ણ રહી હતી. જિલ્લામાં મોટાભાગના મતદાન મથકો પર વહેલી સવારથી મતદારોની કતારો જોવા મળી હતી. સવારથી જ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું. લોકોમાં મતદાન માટે દિવસભર ઉત્સાહ જોવા મળ્યો હતો. જોકે જીલ્લામાં છુટાછવાયાં વિસ્તારોમાં ક્યાંક ક્યાંક વરસાદને કારણે મતદાન પર અસર થઈ છે.

જિલ્લામાં કુલ 159 ગ્રામ પંચાયતોમાંથી સમરસ પંચાયતોને બાદ કરતાં આણંદ ગ્રામ્યમા 16, ઉમરેઠમાં 12, બોરસદમાં 22, આંકલાવમાં 18, પેટલાદમાં 31, સોજીત્રા 14, ખંભાત 17 અને તારાપુરમાં 14 મળી કુલ 144 ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં લોકોએ ઉત્સાહભેર મતદાન કર્યું હતું.

### પ્રથમવાર 15 ડ્રોન કેમેરાથી સર્વેલન્સ

જિલ્લાની 144 ગ્રામ પંચાયતોની અને 15 ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી 427 સરંપચ ઉમેદવારો અને 1249 વોર્ડના ઉમેદવારો માટે રવિવારે મતદાન કરીને મતપેટીમાં સીલ કરવામા આવી છે.. ગ્રામ પંચાયતની ચૂંટણી હોવાથી ભારે રસાકસી રહેતી હોય છે. જેના કારણે ક્યારેક ઘર્ષણ સહિતના બનાવો બનતા હોય છે. તેને કારણે પહેલી વખત ગ્રામ પંચાયતની ચૂંટણી 15 ડ્રોન કેમેરા ગામેગામ સર્વેલન્સ કરવામાં આવ્યું હતું. 2500થી વધુ પોલીસકર્મી અને હોમગાર્ડ દ્વારા બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો. છે, તાલુકા દીઠ બે-બે ડ્રોન કેમેરા મળી કુલ 15 કેમેરા રાખવામાં આવ્યા હતા. જે સતત સંવેદનશીલ ગામો પર વોચ રાખી હતી.

### વાસણા (બો) અને બોદાલ ગામમાં મતદાન માટે વિદેશથી આવ્યા

બોરસદ તાલુકાના કેટલાક ગામોમાંથી વિદેશમાં વસતા મતદારોની સંખ્યા પણ નોંધપાત્ર છે. આ મતદારો પૈકી બોરસદના બોદાલ ગામમાં સરપંચના ઉમેદવાર વૈશાલીબેન પટેલના પિતા અમેરિકાથી આવી પહોંચ્યા છે. વાસણા (બો) ગ્રામ પંચાયત સરપંચના ઉમેદવાર પરંજભાઈ પટેલના પરિવારજનો પરેશભાઈ પટેલ , દિલીપભાઈ પટેલ (ઉમર 73) , મહેન્દ્રકુમાર પટેલ અને તેમના પત્ની ઉર્વશીબેન મહેન્દ્રભાઈ પટેલ દ્વારા મતદાન કરાયું હતું.

### આણંદ સાંસદ, પેટલાદ અને સોજીત્રાના ધારાસભ્ય દ્વારા પંચાયત ચુંટણીમાં મતદાન

જીલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં આણંદ તાલુકામાં વાસદ, પેટલાદમાં શાહપુર અને સોજીત્રાના ડભોઉ ગામમાં પણ સામાન્ય ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ ત્રણ ગામમાં મતદાન દરમિયાન આણંદ સાંસદ મિતેશભાઈ પટેલે વાસદ ગામમાં, પેટલાદ ધારાસભ્ય કમલેશભાઈ પટેલે શાહપુર ગામમાં અને ડભોઉ ગામમાં સોજીત્રા ધારાસભ્ય વિપુલભાઈ પટેલે મતદાન કર્યું હતું.

### ઓબીસી અનામતના કારણે લાંબા સમયથી પડતર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ

# ખેડા જિલ્લામાં 98 ગ્રામ પંચાયતો માટે મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ

**84 ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં 74.37% અને 15 ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીમાં 62.70% સરેરાશ મતદાન**

(પ્રતિનિધિ) નડિયાદ, તા.22

ખેડા જિલ્લામાં આજે 98 ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા વહેલી સવારથી ઉત્સાહપૂર્ણ માહોલમાં શરૂ થઈ હતી. મોડી સાંજ સુધીના મતદાનની વાત કરીએ તો 84 ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં સરેરાશ 74.37 % મતદાન નોંધાયું છે , જ્યારે 15 ગ્રામ પંચાયતોની પેટા-ચૂંટણીમાં મોડી સાંજ સુધીમાં સરેરાશ 62.70 % મતદાન થયું છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા મતદાન મથકો પર પહોંચ્યા હતા.

આજની ચૂંટણીમાં કુલ 81 ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી અને 15 ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનું મતદાન થયુ હતુ. ડા જિલ્લામાં લાંબા સમયથી પડતર રહેલી ગ્રામ પંચાયતોની ચૂંટણી પ્રક્રિયા આખરે પૂર્ણ થઈ ગઈ છે. અન્ય પછાત વર્ગ (OBC) અનામતના મુદ્દાને કારણે અટકેલી આ ચૂંટણીઓનું આજે સફળતાપૂર્વક મતદાન સંપન્ન થયું છે. મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, હવે સૌની નજર આવતીકાલે મંગળવારના રોજ જાહેર થનારા પરિણામો પર કેન્દ્રિત થઈ છે. આવતીકાલે મતગણતરી હાથ ધરવામાં આવશે અને નવા સરપંચો તેમજ વોર્ડ સભ્યો કોણ બનશે તે સ્પષ્ટ થશે. ગ્રામીણ વિસ્તારોમાં પરિણામોને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. જિલ્લા ચૂંટણી તંત્ર અને પોલીસ પ્રશાસન દ્વારા મતદાન પ્રક્રિયાને શાંતિપૂર્ણ અને સુચારુ રીતે સંપન્ન કરાવવા માટે સઘન વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આવતીકાલે મતગણતરીના દિવસે પણ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવશે.



### મતદાન મથક બદલાતા મતદારોને હાલાકી

ખેડા જિલ્લાની ગ્રામ પંચાયત ચૂંટણી દરમિયાન ઠાસરા તાલુકાના મીઠાના મુવાડા ગામે મતદાન મથક બદલાવવામાં આવતા મતદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સામાન્ય રીતે ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં મતદાન મથક ફાળવવામાં આવતું હતું, જ્યાં ગ્રામજનો સરળતાથી મતદાન કરી શકતા હતા. જોકે, આજે ગ્રામ પંચાયતની ચૂંટણી માટે મતદારોને દોઢથી બે કિલોમીટર દૂર આવેલી સમડીયા પ્રાથમિક શાળામાં મતદાન કરવા જવું પડ્યું હતું. આ અણધારી ફેરબદલીને કારણે ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી હતી અને અનેક બૂમો ઉઠવા પામી હતી.

### જિલ્લાના 21 બિલ્ડીંગોમાં 219 બ્લોકમાં પરીક્ષાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી

# આણંદમાં બોર્ડની પૂરક પરીક્ષાનો આજથી પ્રારંભ

**ધોરણ 10 અને 12 સામાન્ય-સાયન્સ પ્રવાહની પરીક્ષા 3 કેન્દ્ર પર લેવાશે**

(પ્રતિનિધિ) આણંદ તા.22

આણંદ જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૩મી જૂનથી બોર્ડની ધો. 10 તેમજ ધો.12 સામાન્ય-સાયન્સ પ્રવાહની પરીક્ષાનો પ્રારંભ થનાર છે. ધોરણ 10 અને 12 કુલ 13180 વિદ્યાથીઓનું રજીસ્ટ્રેશન થયું છે . આ પરીક્ષાર્થીઓ માટે 3 કેન્દ્રોની 21 બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આણંદ જિલ્લામાં જીએસઈબી બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવામાં આવેલી ધો.10-12ની બોર્ડ પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષાનું આયોજન કરવામાં છે . આણંદ જિલ્લાના જુદા-જુદા કેન્દ્રો ઉપર ધો.10-12 નિયમિત, રીપીટર અને પૃથ્થક વિદ્યાર્થીઓ માટે લેવાયેલી પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે આગામી 23મી જુનથી 1લી જુલાઈ સુધી યોજાનારી પુરક પરીક્ષામાં ધો. 10ની પરીક્ષા સવારે 10 થી બપોરે 1.15 કલાક દરમ્યાન લેવામાં આવશે. પુરક પરીક્ષા માટે રજીસ્ટ્રેશન થયેલા 11180 વિદ્યાર્થીઓ માટે 1 કેન્દ્રની 13બિલ્ડીંગોના 132 બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

જયારે ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ માટે 1પરીક્ષા કેન્દ્રના 3બિલ્ડીંગોનાં 26 બ્લોકમાં 780 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. તદુપરાંત ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા બપોરે 3થી સાંજે 6.30 કલાક દરમ્યાન યોજાશે. જેમાં 1220 વિદ્યાર્થીઓ નોંધાયા છે . તેઓ માટે 1 પરીક્ષા કેન્દ્રના 5બિલ્ડીંગોના 61 બ્લોકમાં પરીક્ષાનું આયોજન કરાયું છે. જેમાં ધો.10 અને 12ના બન્ને પ્રવાહોના કુલ મળીને 13180 વિદ્યાર્થીઓ કુલ 3કેન્દ્રના 21બિલ્ડીગોનાં 219 બ્લોકમાં પુરક પરીક્ષા આપશે.

આણંદ જિલ્લામાં બોર્ડની પુરક પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે તંત્ર દ્વારા જરૂરી પ્રતિબંધાત્મક આદેશો જારી કરવા સહિત, સીસીટીવી કેમેરા, પરીક્ષા ખંડ સુપરવાઈઝર, સ્કવોર્ડ દ્વારા સમગ્ર પરીક્ષા પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. શાંતિ અને સલામતી, કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે પરીક્ષા દરમ્યાન કેન્દ્રો ઉપર પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવશે.

# વિરપુરના બારોડામાં પ્રથમ વખત મતદાન પ્રક્રિયા થતાં મતદારોમાં ઉત્સાહ છવાયો

**આઝાદી બાદ પ્રથમવાર ચૂંટણીથી લોકશાહીના ઉત્સવ દરમિયાન ઉત્સાહભેર મતદાન**

(પ્રતિનિધિ) વિરપુર, તા 22

મહિસાગરના વિરપુર તાલુકાના બારોડામાં ગ્રામ પંચાયતમાં 1976 બાદ પ્રથમ વખત મતદાન યોજાયું છે. ગામના નાગરિકોએ મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહી પર્વની ઉજવણી કરી હતી.બારોડા ગામે છેલ્લાં પાંચ દાયકાથી સર્વસંમતિથી ગ્રામ પંચાયતનો વહીવટ થતો હતો. જોકે વર્તમાન વર્ષે પણ સ્થાનિક આગેવાનો અને વડીલોએ સમરસ ગામ કરવા પ્રયાસ કર્યો હતો, પરંતુ સર્વસંમતિથી કોઈ નિર્ણય ન આવી શકતાં ચૂંટણી યોજાઈ છે. 6 ઉમેદવારોએ સરપંચ પદ માટે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. બારોડા ગામના નાગરિકોએ શાંતિપૂર્ણ રીતે મતદાન કર્યું હતું. અને પોતાનો મત આપી લોકશાહીમાં ભાગ લીધો.

### વિરપુર તાલુકાના 13 ગામમાં ચુંટણીનુ મતદાન

વિરપુર તાલુકાની 13 ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ છે . જેમાં 35 જેટલા મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. તમામ મતદાન મથકોમાં ઝોનલ તેમજ મદદનીશ ઝોનલ તેમજ પ્રિસાઈડિંગ ઓફિસર સહિતના કર્મચારીઓ મળી કુલ 205 કર્મચારીઓ મતદાન મથકમાં ફરજ બજાવી હતી.

# આંકલાવમાં BSNLનું નેટવર્ક ખોરવાઈ જતાં ગ્રાહકો પરેશાન

**વપરાશકારો દ્વારા પુરતું રિચાર્જ કે બીલ પે કરાવ્યું હોવા છતાં હાલાકી**

(પ્રતિનિધિ) આંકલાવ તા.22

આંકલાવ શહેરમાં છેલ્લા કેટલાક માસથી બીએસએનએલનું ટાવર નહીં પકડાયાની સમસ્યા ઉદભવી રહી છે.જેના કારણે પુરતું રિચાર્જ કે બીલ પે કરાવ્યું હોવા છતાં લોકો સંપર્ક વિહોણા બની જવા પામ્યા છે.

આંકલાવ શહેરમાં બીએસએનએલના ગ્રાહકો પણ નોંધપાત્ર સંખ્યામાં હતા. પરંતુ બીએસએનએલની સર્વિસમાં ધાંધીયા થવા લાગતા લોકોએ બીએસએનએલના મોબાઈલ કાર્ડનો ઉપયોગ બંધ કરી અન્ય કંપનીના મોબાઈલ કાર્ડનો ઉપયોગ શરૂ કર્યો હતો. જો કે તેમ છતાં હજુ પણ બીએસએનએલના કાર્ડનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ લાંબા સમયથી ઉદભવેલી આ સમસ્યાથી બીએસએનએલના તંત્ર સાવ બેદરકાર રહેતાં ઘણાં લોકો હાલાકી ભોગવી રહ્યા છે.ઘણાં સમયથી બીએસએનએલનું નેટવર્ક વારંવાર ખોરવાઈ જાય છે. જેના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

### ગ્રામ પંચાયતની ચૂંટણીના આગલા દિવસે પોલીસની ડ્રાઇવ

# સુંદલપુરામાં દારૂ ઉતારતાં 2 શખ્સ પોલીસને જોઈ ફરાર

**ઉમરેઠ પોલીસે કાર, બાઇક સહિત કુલ રૂ.4.82 લાખનો મુદ્દામાલ કબજે કર્યો**

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.22

ઉમરેઠ તાલુકાના સુંદલપુરા ગામના બુટલેગરે વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો હતો. આ દારૂ લઈને આવેલી કારની જાણ સ્થાનિક પોલીસને થતાં તાત્કાલિક દરોડો પાડી કાર, બાઈક સહિત દારૂ પકડી પાડ્યો હતો. આ અંગે કુલ રૂ.4.82 લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સ સામે ગુનો નોંધ્યો હતો.

ઉમરેઠ પોલીસની ટીમને 21મીના રોજ પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી હતી કે, સુંદલપુરા ગામના બહાર ફળીયામાં રહેતો અર્જુન ઉર્ફે લાલો મગન ચૌહાણ તેની કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ગામના જંગોલાની નાર નજીક ઉતારવાનો છે. આ બાતમી આધારે ઉમરેઠ પોલીસે સાહેદ સહિતની ટીમ બનાવી મોડી રાત્રિના દરોડો પાડ્યો હતો. આ દરોડામાં સ્થળ પર કાર અને તેની બાજુમાં બાઈક જોવા મળ્યું હતું. આ ઉપરાંત બે શખ્સ કારમાંથી બોક્સ ઉતારી બાઈક પર મુકતા જોવા મળ્યાં હતાં. આ બન્ને શખ્સને પોલીસના દરોડાના ગંધ આવતા અંધારાનો લાભ લઈ ભાગી ગયાં હતાં. આ દરમિયાન ભાગી ગયેલા શખ્સોમાં એક અર્જુન ઉર્ફે લાલો મગન ચૌહાણ હોવાની ઓળખ થઈ હતી. ઉમરેઠ પોલીસે કાર અને બાઈક કબજે લીધું હતુ અને તેમાં તપાસ કરતાં કાર નં.જીજે 23 સીસી 8649 અને તેમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આ બન્ને વાહનોને પોલીસ મથકે લાવી તપાસ કરતા કુલ 1,82,400નો વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ અંગે ઉમરેઠ પોલીસે કાર, બાઈક અને દારૂ સહિત કુલ રૂ.4,82,400નો મુદ્દામાલ કબજે કરી અર્જુન ઉર્ફે લાલો મગન ચૌહાણ (રહે. સુંદલપુરા) અને અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### આણંદના એક્સપ્રેસ વે પરથી દારૂ ભરેલી કાર પકડાઇ

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમ દ્વારા એક્સપ્રેસ વે પરથી વિદેશી દારૂ ભરેલી કાર પકડી પાડી હતી. રાજસ્થાનના ડુંગરપુરથી કાર નં.જીજે 23 સીબી 1479માં મહેન્દ્રસિંહ રાઠોડ (રહે. રાજસ્થાન) વિદેશી દારૂ ભરી વડોદરા લઇ જતો હતો. જોકે, તેને હાઈવે પર ઓવરબ્રિજ ઉપર જ પકડી પાડ્યો હતો. આ કારમાં સવાર મહેન્દ્રસિંહ ઘનસિંહ રાઠોડની અટક કરી તલાસી લેતાં અલગ અલગ બ્રાન્ડની 3,23,480નો વિદેશી દારૂ કબજે કર્યો હતો. આ અંગે પુછપરછ કરતાં આ દારૂ ડુંગરપુરથી ઘનશ્યામસિંહ રાઠોડે ભરી આપ્યો હતો અને વડોદરાના કરજણમાં પહોંચાડવાનો હતો. આ ઉપરાંત કારમાંથી બે નંબર પ્લેટ મળી આવી હતી. જે કબજે કરી પોલીસે મહેન્દ્રસિંહ ઘનસિંહ રાઠોડ અને ઘનશ્યામસિંહ રાઠોડ સામે ગુનો નોંધી કુલ રૂ.8.28 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

### બોરસદના ચુવા ગામમાં ભોંયરામાં છુપાવેલો દારૂ પકડાયો

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચની ટીમે 21મીની સાંજે બોરસદ તાલુકા ચુવા ગામમાં બાતમી આધારે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં કિરીટપુરી લક્ષ્મણપુરી ગોસ્વામીના ઘરના પાછળના ભાગે આવેલી પતરાવાળી રૂમમાં તલાસી લીધી હતી. જેમાં ભોયરામાં છુપાવેલો વિદેશી દારૂ કિંમત રૂ.42,800 અને બિયર રૂ.6400 મળી કુલ રૂ.49,200 શોધી કાઢ્યો હતો. આ અંગે બોરસદ ગ્રામ્ય પોલીસ મથકે કિરીટપુરી તથા તેને દારૂ પહોંચાડનારો શખ્સ અખિલ મિસ્ત્રી (રહે. આણંદ) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મહિસાગર જિલ્લામાં મકાઇ જેવા રોકડિયા પાકનું વાવેતર કરવા ભલામણ

**મકાઇ જેવા રોકડિયા પાકનું વાવેતર કરવા માટે જૂન-જુલાઇ માસ ખૂબ મહત્વ પૂર્ણ**

(પ્રતિનિધિ) ખાનપુર તા.22

મહિસાગર જિલ્લાના ખેડૂતોને જૂન - જુલાઇ માસમાં રોકડિયા પાક તરીકે મકાઈનું વાવેતર કરવા ભલામણ કરવામાં આવી છે. મકાઈનો પાક દેશમાં ઘઉં અને ડાંગર પછી ત્રીજા ક્રમનો મહત્વનો ધાન્ય પાક ગણાય છે, મકાઈની ખેતી અપનાવીને દેષને મકાઈનાં ઉત્પાદનમાં વધુ સમૃદ્ધ બનાવવા જોઈએ.

દેશમાં ઘઉ અને ડાંગર પછી મકાઈનો પાક ત્રીજા ક્રમનો મહત્વનો ધાન્ય પાક ગણાય છે. વિશ્વ કક્ષાએ મકાઈનો સૌથી મોટો ઉત્પાદક દેશ અમેરિકા છે. જે વિશ્વના કુલ ઉત્પાદનનો લગભગ 42 ટકા હિસ્સો ધરાવે છે. મકાઈના વૈશ્વિક ઉત્પાદનમાં ભારતનો ક્રમ છઠો છે. રાજ્યમાં દાહોદ, પંચમહાલ અને વડોદરા જીલ્લા મકાઈના વાવેતરમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

આ અંગે ખેડૂતોને ભલામણ કરતા જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતીમાંથી પ્રાકૃતિક ખેતીમાં આવીએ ત્યારે પ્રથમ વર્ષમાં જમીનને જીવંત બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. પાક લીધા પહેલા લીલા ખાતરના રૂપમાં શણ કે ઈકકડ કે કઠોળનો પાક લેવો જોઈએ. મકાઈની ગુજરાત મકાઈ-2, 4, 6 નર્મદા મોતી, ગંગા સફેદ-2 જેવી સુધારેલી જાતોની વાવણી 15મી જુલાઈ સુધીમાં 60 x 20 સેન્ટીમીટરના અંતરે અને 20 કિલોગ્રામ પ્રતિ હેક્ટર બીજનો દર રાખી વાવેતર કરવું જોઈએ. આ ઉપરાંત મકાઈના પાકમાં આવતાં જુદા જુદા પ્રકારના જીવાત માટે જુદા જુદા ઉપાયો કરવા જોઈએ.

### રોગ-જીવાત સામે પાકને રક્ષણ આપવું પણ તેટલું જરૂરી છે

ચુસીયા પ્રકારની જીવાત માટે 3 લીટર નિમાસ 100 લીટર પાણીમાં મિશ્રિત કરી એક એકરમાં છંટકાવ કરવો તથા લીમડાનું તેલ પણ વાપરી શકાય છે. 20 મિલી લીમડાનું તેલ પ્રતિ 10 લીટર પાણી સાથે મિશ્રિત કરી છંટકાવ કરવો.

કૃમિ (સુંડી) પ્રકારના જીવાત માટે 3 લીટર બ્રહ્માસ્ત્ર 100 લીટર પાણીમાં ભેળવી એક એકરમાં છંટકાવ કરવો. થડ વેધક, ફળ વેધક, કૃમિ પ્રકારના જીવાત માટે 3 લીટર અગ્નિઅગ્ન 100 લીટર પાણીમાં મિશ્રિત કરી એક એકરમાં છંટકાવ કરવો.

અન્ય ફૂગ અને વાયરસ દ્વારા ફેલાતા રોગોના નિવારણ માટે 3 લીટર ખાટી છાશમાં ૧૦૦ લીટર પાણી મેળવી છંટકાવ કરો. ખાટી છાશ 3 થી ૪ દિવસ જૂની હોવી જોઈએ તે બાબતનું ધ્યાન રાખવું જોઈએ.

### મકાઇનું વાવેતરમાં કઇ કઇ બાબતનું ધ્યાન રાખવું જોઈએ ?

સારા ઉગાવા, રોગ-જીવાત સામે રક્ષણ મેળવવા અને સારું ઉત્પાદન મેળવવા મકાઈનાં બીજને બીજામૃતથી સંસ્કારીત કરવા તથા બીજામૃતનો પટ આપી બીજને સૂકવી વાવેતર કરવું.

બીજામૃતની માવજતથી ઉગાવો ઝડપથી અને સારો થાય છે ઉપરાંત પાકને જમીન જન્ય રોગોથી બચાવી શકાય.

વાવેતર સમયે 100 કિલો છાણિયું ખાતર અને 100 કિલો ઘન જીવામૃત ભેળવીને 1 એકર જમીનમાં નાખો.

પાક અવશેષોનું મલ્ચીંગ કરવું, બાદ મહિનામાં એકવાર જમીન ઉપર 200 લિટર જીવામૃત પ્રતિ એકર છાંટો અથવા જીવામૃત પાક ઉપર છાંટો તથા યોગ્ય સમય પર જીવામૃત સમયસર પાકને આપવું.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
જય એન્ટરપ્રાઈઝ
કિશોર પ્લાઝા,
આણંદ.

**નડિયાદ**
ઈશાન ન્યુઝ પેપર એજન્સી
સાગર ભુવન, ડભાણ
ભાગોળ, નડિયાદ

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**